ઈરાનના પરમાણુ મથક 'પિકએક્સ માઉન્ટેન' પર મોટા હુમલાની ચેતવણી

# અમેરિકાના ઈરાન પર ભીષણ હવાઈ હુમલા

**અમેરિકાએ** ઈરાનના મિસાઈલ, ડ્રોન, નૌકાદળ અને તટીય સંરક્ષણ ઠેકાણાં પર હવાઈ હુમલા કર્યા

**હોર્મુઝમાં** જહાજો, અમેરિકી સહયોગી દેશો અને સૈન્ય ઠેકાણાં પર ઈરાનના હુમલા

**ક્રૂડ** ઓઈલ USD ૮૬ને પાર



વોશિંગ્ટન-દુબઈ, તા. 14 (એપી): અમેરિકાએ ઈરાન સામે ફરી એકવાર વ્યાપક હવાઈ હુમલા શરૂ કરતાં પશ્ચિમ એશિયામાં યુદ્ધ વધુ ભડકી ઊઠ્યું છે. અમેરિકાએ હોર્મુઝની સામુદ્રધુનીમાં ઈરાન પર ફરી નૌકાબંધી લાદવાની જાહેરાત કર્યા બાદ મંગળવારે વહેલી સવારે ઈરાનના અનેક સૈન્ય ઠેકાણાઓ પર હુમલા કર્યા હતા. તેના જવાબમાં ઈરાને બહેરીન, જોર્ડન, કુવૈત, કતાર અને ઓમાનમાં આવેલા અમેરિકી હિતોને નિશાન બનાવવાની સાથે હોર્મુઝમાંથી પસાર થતાં યુએઈના બે તેલ ટેન્કરો પર પણ મિસાઈલ હુમલા કર્યા હતા.

આ ઘટનાક્રમને કારણે અમેરિકા અને ઈરાન વચ્ચે જૂનમાં થયેલો વચગાળાનો શાંતિ કરાર તૂટી પડવાની સ્થિતિ સર્જાઈ છે અને ફરી પૂર્ણ યુદ્ધનો ખતરો ઉભો થયો છે.

અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM)એ જણાવ્યું કે ઈરાનના દરિયાકાંઠાના સંરક્ષણ તંત્ર, મિસાઈલ અને ડ્રોન મથકો, નૌકાદળની ક્ષમતાઓ, દારૂગોળાના ભંડારો, સંચાર વ્યવસ્થા અને દરિયાઈ દેખરેખના કેન્દ્રોને નિશાન બનાવીને હુમલા કરવામાં આવ્યા છે.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે હોર્મુઝની સામુદ્રધુનીને નિયંત્રણમાં લેવા માટે અમેરિકા જરૂરી તમામ પગલાં ભરશે અને ઈરાનને પરમાણુ હથિયાર મેળવવાથી રોકવા હુમલા ચાલુ રહેશે. તેમણે દાવો કર્યો કે અમેરિકાએ છેલ્લા ચાર મહિનામાં ઈરાનના નૌકાદળ, વાયુસેના, મિસાઈલ ક્ષમતા અને ડ્રોન ઉત્પાદનને ભારે નુકસાન પહોંચાડ્યું છે.

**નૌકાદળ મથક ધ્વસ્ત:** ટેક્સાસની ડિફેન્સ કંપની દ્વારા બનાવાયેલી ૨૪ ફૂટ લાંબી 'સેરોનિક કોર્સેર' નામની ૩ સ્વાયત્ત ડ્રોન બોટે હોર્મુઝની સામુદ્રધુની નજીક આવેલી ઈરાનની સબમરીન અને શિપ મેન્ટેનન્સ ફેસિલિટી પર સીધો હુમલો કરી તેને ઉડાવી દીધી હતી. યુદ્ધના ઈતિહાસમાં અમેરિકાએ પ્રથમવાર આવા સી-ડ્રોનનો લડાયક ઓપરેશનમાં ઉપયોગ કર્યો છે.

**લક્ષ્યાંકો:** અમેરિકી સેનાએ ઈરાનના દરિયાકાંઠાના સંરક્ષણ તંત્ર, મિસાઈલ અને ડ્રોન મથકો, દારૂગોળાના ભંડારો અને સંચાર વ્યવસ્થાને ભારે નુકસાન પહોંચાડ્યું છે.

**ઈરાને વળતા હુમલા કર્યા**

અમેરિકી હુમલાના જવાબમાં ઈરાને બહેરીનમાં આવેલી અમેરિકી નૌકાદળની પાંચમી ફ્લીટની નજીક મિસાઈલ હુમલા કર્યા, જ્યારે જોર્ડને જણાવ્યું કે તેણે ઈરાન તરફથી છોડાયેલી ચાર મિસાઈલને હવામાં જ તોડી પાડી હતી. ઈરાને યુએઈના એમટી મોમ્બાસા અને એમટી અલ બાહિયાહ નામના બે તેલ ટેન્કરોને પણ નિશાન બનાવ્યા હતા. આ હુમલામાં એક નાવિકનું મોત થયું અને આઠ લોકો ઘાયલ થયા હતા. ઉપરાંત અરબી સમુદ્રમાં ઓમાન નજીક સ્ટોલ્ટ મેગ્નેશિયમ નામના અન્ય વેપારી જહાજ પર પણ હુમલો થયો હતો, જેમાં એન્જિન રૂમમાં આગ લાગી હતી. જોકે તમામ નાવિકો સુરક્ષિત હોવાનું કંપનીએ જણાવ્યું હતું.

ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડે દાવો કર્યો કે વારંવારની ચેતવણી છતાં જહાજોએ હોર્મુઝના માર્ગનો ઉપયોગ ચાલુ રાખ્યો હોવાથી હુમલા કરવામાં આવ્યા. ઈરાને હોર્મુઝની સામુદ્રધુની આગામી સૂચના સુધી બંધ રાખવાની જાહેરાત કરતાં વૈશ્વિક વેપાર અને ઊર્જા પુરવઠા અંગે ચિંતા વધી છે. શાંતિકાળ દરમિયાન વિશ્વના અંદાજે પાંચમા ભાગનું ક્રૂડ ઓઈલ અને કુદરતી ગેસ આ માર્ગેથી પસાર થાય છે. ઈરાન અને અમેરિકા વચ્ચેના સંઘર્ષની વચ્ચે, ઈરાનના પર્શિયન ગલ્ફમાં આવેલા બુશેર શહેરના ઓછામાં ઓછા ચાર સ્થળોએ હુમલા થયા હોવાનું ઈરાની સમાચાર સંસ્થાએ જણાવ્યું છે, જે દર્શાવે છે કે આ લડાઈ હવે વધુ વિસ્તરી રહી છે.

**સાઉદી અરબે હુથી સામે હવાઈ હુમલા શરૂ કર્યા**

દરમિયાન, સાઉદી અરબે પણ યમનમાં ઈરાન સમર્થિત હુથી બળવાખોરો સામે હવાઈ હુમલા શરૂ કરીને યુદ્ધનું વધુ એક મોરચું ખોલ્યું છે. હુથીઓએ સનાના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર થયેલા હુમલાની પુષ્ટિ કરીને તેનો બદલો લેવાની ચેતવણી આપી છે.

**ટ્રમ્પે ઈરાન પર હુમલાના સંભવિત લક્ષ્યાંક જાહેર કર્યા, પરમાણુ મથક પર મોટા હુમલાની ચેતવણી**

ટ્રમ્પે ખુલાસો કર્યો છે કે ઈરાનનું ભારે કિલ્લેબંધી ધરાવતું પરમાણુ મથક તેમનું મુખ્ય નિશાન છે, જે 'પિકએક્સ માઉન્ટેન' પર આવેલું છે. તેમણે ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, આ પિકએક્સ માઉન્ટેન તેમના માટે એક મોટો અને સીધો હુમલો કરવા માટેનું સંભવિત લક્ષ્યાંક છે.

**હોર્મુઝની સામુદ્રધુની પર સંપૂર્ણ નિયંત્રણની યોજના:**

ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે તેમની યોજના હોર્મુઝની સામુદ્રધુની સાથે સંબંધિત ઈરાનની તમામ સૈન્ય ક્ષમતાઓને પલટી નાખવાની છે. તેમણે મીડિયાને જણાવ્યું કે, 'અમે સામુદ્રધુની પર કબજો મેળવી રહ્યા છીએ અને અંતે આ આખા માર્ગ પર અમારું જ સંપૂર્ણ નિયંત્રણ હશે.'

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી છે કે આ યોજના હેઠળ અમેરિકા હવેથી 'ધ ગાર્ડિયન ઓફ ધ હોર્મુઝ સ્ટ્રેટ' તરીકે ઓળખાશે અને તેની રચનાની પ્રક્રિયા તાત્કાલિક શરૂ કરી દેવામાં આવી છે. સંકેત મુજબ, આ માર્ગ પરથી પસાર થતા વેપારી જહાજોની સુરક્ષાના બદલામાં અમેરિકા 20 ટકા જેટલી ફી પણ વસૂલશે.

### અમેરિકાનો પ્રથમવાર યુદ્ધમાં 'કામિકાઝ સી-ડ્રોન'નો ઉપયોગ

અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર ફૂટેજ અનુસાર, યુએસ સેનાએ ઈરાનના કેન્દ્રીય નૌકાદળ મથક બંદર અબ્બાસ પર ત્રાટકવા માટે આધુનિક આત્મઘાતી સમુદ્રી ડ્રોન બોટ (USVs)નો ઉપયોગ કર્યો છે.

### બહેરીનમાં હાઈ એલર્ટ

અમેરિકી નૌકાદળની પંચમી ફ્લીટ (5th Fleet) જ્યાં આવેલી છે તે બહેરીનમાં મંગળવારે ચાર વખત એર રેડ સાયરેન (હવાઈ હુમલાની ચેતવણી) વગાડવામાં આવ્યા હતા અને નાગરિકોને સુરક્ષિત આશ્રયસ્થાનોમાં જવા માટે કહેવાયું હતું.

## મહાદેવ બેટિંગ કેસમાં ઉદ્યોગપતિ વિકાસ ગર્ગની ધરપકડ



નવી દિલ્હી, તા. ૧૪ (પીટીઆઈ) એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ મંગળવારે મહાદેવ ઓનલાઈન બેટિંગ એપ સાથે જોડાયેલા કરોડો રૂપિયાના મની-લોન્ડરિંગ કેસમાં એબિક્સ ગ્રુપના ચેરમેન વિકાસ ગર્ગની ધરપકડ કરી છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. ૫૩ વર્ષીય ગર્ગને દિલ્હીમાં તેમના પરિસરમાં દરોડા પાડ્યા બાદ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. તેમને દિલ્હીની એક વિશેષ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, જેણે કેન્દ્રીય એજન્સીને તેમને છત્તીસગઢના રાયપુર લઈ જવા માટે ૨૪ કલાકની કસ્ટડી આપી હતી, જ્યાં આ તપાસ ચાલી રહી છે. ગર્ગ એબિક્સ ગ્રુપ ઉપરાંત શેરબજારમાં લિસ્ટેડ ત્રણ કંપનીઓ - વિકાસ ઈકોટેક લિમિટેડ, વિકાસ લાઈફકેર લિમિટેડ અને ઈરાયા લાઈફસ્પેસિસ લિમિટેડ -ના પ્રમોટર છે.

## પાસપોર્ટ નાગરિકત્વનો નહીં, વિદેશ જવા માટેનો દસ્તાવેજ: વિદેશ મંત્રાલય

**પાસપોર્ટ** કાયદેસરની ચકાસણી બાદ જ અપાય છે, પરંતુ તેનો મુખ્ય હેતુ વિદેશ પ્રવાસનું નિયમન કરવાનો

**દેશના** માત્ર ૮% નાગરિકો પાસે જ પાસપોર્ટ

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): પાસપોર્ટ નાગરિકત્વ સાબિત કરવાનો નહીં, પરંતુ ભારતીય નાગરિકોના દેશમાંથી પ્રસ્થાનને નિયમિત કરવા માટે સરકાર દ્વારા જારી કરવામાં આવતો દસ્તાવેજ છે, એમ વિદેશ મંત્રાલયે મંગળવારે સ્પષ્ટતા કરી હતી.

ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા (SIR) દરમિયાન પાસપોર્ટને નાગરિકત્વના પુરાવા તરીકે માન્યતા આપવા અંગે ચાલી રહેલા વિવાદ વચ્ચે મંત્રાલયનું આ નિવેદન આવ્યું છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે પાસપોર્ટ નિર્ધારિત પ્રક્રિયા અને જરૂરી ચકાસણી બાદ જ આપવામાં આવે છે. પાસપોર્ટ જારી કરવાની સમગ્ર પ્રક્રિયા પાસપોર્ટ અધિનિયમ-1967 અને પાસપોર્ટ નિયમો-1980 હેઠળ નિયંત્રિત થાય છે. હાલમાં ભારતના 8 ટકાથી પણ ઓછા નાગરિકો પાસે પાસપોર્ટ છે.

24 જૂને પાસપોર્ટ સેવા દિવસ નિમિત્તે યોજાયેલી બ્રિફિંગમાં પણ મંત્રાલયના અધિકારીઓએ પાસપોર્ટને મુસાફરી માટેનો દસ્તાવેજ ગણાવ્યો હતો, નાગરિકત્વનો પુરાવો નહીં. આ નિવેદન બાદ કોંગ્રેસ સહિતના વિપક્ષી પક્ષોએ સવાલ ઉઠાવ્યો હતો કે જો પાસપોર્ટ સરકાર દ્વારા જારી થાય છે તો તે ધારકના નાગરિકત્વનું પ્રતિબિંબ કેમ ન ગણાય.

કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે સરકાર પોતાની સાથે અસહમત નાગરિકોના નાગરિકત્વના અધિકારો મનસ્વી રીતે નકારવાનો માર્ગ તૈયાર કરી રહી છે. જોકે વિદેશ મંત્રાલયે પુનરોચ્ચાર કર્યો કે પાસપોર્ટ ભારતીય નાગરિકોને કાયદા મુજબ જરૂરી ચકાસણી બાદ જ આપવામાં આવે છે અને તેનો હેતુ વિદેશ પ્રવાસને નિયમિત કરવાનો છે.

## પીઓકેમાં પાકિસ્તાની રેન્જર્સના ગોળીબારમાં 8 પ્રદર્શનકારીઓનાં મોત

**મુઝફ્ફરાબાદ** લોન્ગ માર્ચ પહેલા ભીષણ હિંસા, ઇન્ટરનેટ સેવાઓ બંધ

**આંદોલનકારીઓએ** પીઓકેને પાકિસ્તાનનો ભાગ ગણાવવાનો ઇનકાર કર્યો

જમ્મુ, તા. 14 (પીટીઆઈ): પાકિસ્તાનના ગેરકાયદે કબજા હેઠળના જમ્મુ-કાશ્મીર (PoJK)માં સરકાર વિરોધી આંદોલન ચલાવી રહેલી સંયુક્ત અવામી એક્શન કમિટી (જેએસીસી)એ 15 જુલાઈના રોજ રાજધાની મુઝફ્ફરાબાદ તરફ 'લોન્ગ માર્ચ' નું એલાન કર્યું છે. આ માર્ચ પહેલા સ્થિતિ અત્યંત તણાવપૂર્ણ બની ગઈ છે. સોમવારે રાવલાકોટ બસ સ્ટેન્ડ અને સુધનોતી ખાતે એકત્ર થયેલા પ્રદર્શનકારીઓ, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ પણ સામેલ હતી, તેમની પર પાકિસ્તાની રેન્જર્સે ટીયર ગેસના સેલ છોડ્યા બાદ સીધું ફાયરિંગ કર્યું હતું. આ તાજી હિંસા અને ઝડપમાં એક પાકિસ્તાની રેન્જર્સ સહિત વધુ 9 લોકોનાં મોત થયાં છે, જેના પગલે 5 જૂનથી અત્યાર સુધીમાં કુલ મૃત્યુઆંક 28 પર પહોંચી ગયો છે.

જાસ (JAAC)ના નેતા સરદાર અમન ખાને તાજેતરમાં રાવલાકોટના ઈદગાહ મેદાનમાં એક મોટી રેલીમાં ખુલ્લેઆમ જાહેરાત કરી હતી કે, 'PoK એ પાકિસ્તાનનો ભાગ નથી.3 તેમણે ઈસ્લામાબાદ પર આ પ્રદેશના આર્થિક શોષણનો આરોપ લગાવ્યો હતો.

આ પ્રદર્શન શરૂઆતમાં વીજળીના આકરા દરો, લોટના વધતા ભાવો અને આવશ્યક ચીજવસ્તુઓની અછત સામે શરૂ થયું હતું, પરંતુ હવે તે મૂળભૂત અધિકારો માટેના વ્યાપક રાજકીય આંદોલનમાં ફેરવાઈ ગયું છે.

પેજ 3

### સમય રૈના સહિત ત્રણ પર સુપ્રીમ કોર્ટનો રૂ. 3 લાખનો દંડ

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે કોમેડિયન સમય રૈના તથા યુટ્યુબર રણવીર અલ્હબાદિયા અને આશિષ ચંચલાનીના વર્તન પર કડક ટિપ્પણી કરતાં દરેક પર રૂ. 3 લાખનો દંડ ફટકાર્યો છે. કોર્ટે કહ્યું કે ત્રણેયે કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો છે અને આપેલા આશ્વાસનનું પાલન કર્યું નથી. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે નોંધ્યું કે અગાઉના આદેશ છતાં સમય રૈનાએ પોતાના કાર્યક્રમમાં દિવ્યાંગ વ્યક્તિઓને આમંત્રિત કર્યા ન હતા. કોર્ટે સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સરોને સ્પાઇનલ મસ્ક્યુલર એટ્રોફી (SMA) જેવી દુર્લભ બીમારીઓથી પીડિત લોકો માટે જાગૃતિ અને સારવાર માટે નાણાં એકત્ર કરવામાં સહયોગ આપવા તેમજ દિવ્યાંગોનું અપમાન કરવા બદલ પોતાના કાર્યક્રમોમાં બિનશરતી માફી દર્શાવવા જણાવ્યું હતું. સાથે જ સમય રૈના સહિત સંબંધિત કોમેડિયનોને દર મહિને દિવ્યાંગોની સફળતાની કહાનીઓ પર બે કાર્યક્રમ યોજી સારવાર માટે નાણાં એકત્ર કરવામાં સહયોગ આપવા નિર્દેશ કર્યો છે.

### રણબીર કપૂરે પુણેમાં રૂ.૧૬.૪૨ કરોડમાં ૨૫ એકર જમીન ખરીદી



મુંબઈ, તા. ૧૪: અયોધ્યામાં પોતાના રિયલ એસ્ટેટ પોર્ટફોલિયોનો વિસ્તાર કર્યા પછી રણબીર કપૂરે હવે અન્ય એક જગ્યાએ જમીન ખરીદી કરી છે. પ્રોપર્ટી રજીસ્ટ્રેશન દસ્તાવેજો (જે સીઆરઈ મેટ્રિક્સ દ્વારા મેળવવામાં આવ્યા છે) અનુસાર, આ અભિનેતાએ પુણેના મુળશી તાલુકા વિસ્તારમાં આશરે ૨૫ એકરમાં ફેલાયેલા જમીનના ચાર ટુકડા ૧૬.૪૨ કરોડ રૂપિયામાં ખરીદ્યા છે. આ વ્યવહારમાં પિંપરી ગામમાં આવેલી જમીનના ચાર અડીને આવેલા ટુકડાઓનો સમાવેશ થાય છે, જેનો કરાર ૩૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ રજીસ્ટર કરવામાં આવ્યો હતો. ચાર અલગ-અલગ ટુકડાઓની કુલ કિંમત રૂ. ૧૬.૪૨ કરોડ થાય છે.

### કમલ હાસન નાસ્તિક, પણ પુત્રી શ્રુતિએ વિધિવત પૂજા કરી નવા ઘરમાં કર્યો પ્રવેશ!



ચેન્નાઈ, તા. 14: અભિનેત્રી શ્રુતિ હાસને તેના વતન નજીક ચેન્નાઈમાં એક નવું ઘર ખરીદ્યું છે. એક વર્ષ પહેલા ફિલ્મ-નિર્માતા ફરાહ ખાને તેના બ્લોગમાં શ્રુતિ હાસનના મુંબઈમાં આવેલા સ્ટાઇલિશ અને ગોથિક થીમ આધારિત ઘરનું પ્રદર્શન કર્યું હતું. હવે શ્રુતિના નવા ઘરની તસવીરો સોશિયલ મીડિયા પર સામે આવી છે. ઘણા લોકોએ તેણીને તેના નવા ઘર માટે અભિનંદન આપ્યા છે. જોકે, તેના ઘરે યોજાયેલા ગૃહપ્રવેશ સમારોહે ઘણા લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. તસવીરોમાં શ્રુતિ સંપૂર્ણ વિધિઓ સાથે પૂજા કરતી જોવા મળે છે.

### 'મન્નત'માં વધુ બે માળ બનશે: શાહરૂખ ખાન સામેની અરજી પર સુપ્રીમ કોર્ટ લાલઘૂમ



નવી દિલ્હી, તા. ૧૪ (પીટીઆઈ) શાહરૂખ ખાનને મોટી રાહત આપતાં સુપ્રીમ કોર્ટે મુંબઈમાં અભિનેતાના નિવાસસ્થાન 'મન્નત' પર વધારાના બે માળના બાંધકામ માટે આપવામાં આવેલી કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (સીઆરઝેડ) મંજૂરીને પડકારતી અરજી ફગાવી દીધી છે. અરજીકર્તાના ઇરાદા સામે સવાલ ઉઠાવતાં મુખ્ય ન્યાયાધીશ સૂર્ય કાંત અને ન્યાયમૂર્તિઓ જોયમાલ્ય બાગચી અને વી. મોહનાની બનેલી બેંચે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (એનજીટી)ના ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના આદેશમાં હસ્તક્ષેપ કરવાનો ઇનકાર કર્યો હતો. બેંચે કહ્યું હતું કે, "તેઓ ત્યાં રહી રહ્યા છે.

**તા. ૧૪-૦૭-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન**

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.0 મીમી | મોસમનો ૭૮૧.0 મીમી |
|---|---|---|
| ઉકાઈ | સપાટી આજની ૩૧૩.૯૨ ફૂટ | આઉટફ્લો ૮૦૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૨.૪ સે. | ૨૮.૪ સે. | ૭૯% |

## ટ્રમ્પનો યુ-ટર્ન: ૨૦% સુરક્ષા ફીનો પ્રસ્તાવ માત્ર એક જ દિવસમાં પાછો ખેંચ્યો

**અખાતી** દેશો સાથે રોકાણ અને વેપાર કરારો કરવાની નવી યોજના; ઈરાને કટાક્ષ કર્યો- "૨૦% તો બહુ વધારે છે, અમે વ્યાજબી ફી વસૂલીશું

દુબઈ, તા. 14 (એપી): પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતા માલસામાન પર 20 ટકા ટોલ વસૂલવાની તેમની યોજનાને માત્ર એક જ દિવસમાં બદલી લીધી છે. તેમણે જણાવ્યું છે કે પશ્ચિમ એશિયાના દેશો આ ફી ચૂકવવાને બદલે અમેરિકા સાથે રોકાણ અને વેપાર કરારો કરશે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે, 'મિડલ ઈસ્ટના નેતૃત્વ સાથે અત્યંત ઉત્પાદક વાતચીતના આધારે, મેં 20 ટકાના 'યુનાઈટેડ સ્ટેટ્સ રિઈમ્બર્સમેન્ટ ફી' (વળતર શુલ્ક)ને બદલવાનો નિર્ણય કર્યો છે. તેના સ્થાને વિવિધ અખાતી દેશો અમેરિકામાં વેપારી અને રોકાણ કરારો કરશે.'

ટ્રમ્પે વ્હાઈટ હાઉસના ઓવલ ઓફિસમાંથી પત્રકારોને જણાવ્યું કે, અખાતી દેશોના રાજાઓ અને અમીરોના ફોન આવ્યા બાદ આ નિર્ણય લેવાયો છે અને હવે સુરક્ષા ફીના બદલે આ દેશો અમેરિકામાં અબજો ડોલરનું મોટું રોકાણ તથા વેપાર કરારો કરશે. જોકે, ઈરાનના બંદરો પર ફરીથી નૌકાબંધી (Blockade) લાદવાનો અમેરિકાનો નિર્ણય બુધવારે મધ્યરાત્રિથી લાગુ થઈ જશે.

ટ્રમ્પે જણાવ્યું હતું કે આ રોકાણો 'ખૂબ જ વિશાળ હશે, જોકે એ હજુ સ્પષ્ટ નથી થયું કે આ રોકાણો ગયા વર્ષે ટ્રમ્પની મિડલ ઈસ્ટની મુલાકાત પછી જાહેર કરાયેલી પ્રતિબદ્ધતાઓ કરતાં અલગ અને નવા હશે કે કેમ.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બ અરાઘચીએ ટ્રમ્પના નિવેદનનો જવાબ આપતા કહ્યું કે, સુરક્ષિત દરિયાઈ માર્ગ પૂરો પાડનારને જ ચૂકવણી મળવી જોઈએ અને આ જવાબદારી હંમેશાથી ઈરાન નિભાવતું આવ્યું છે. તેમણે કટાક્ષ કરતા કહ્યું કે, ૨૦ ટકા તો બહુ વધારે છે, અમે વ્યાજબી શુલ્ક (ફી) વસૂલીશું."

## ભારતીય મૂળના અનિલ મેનન ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનના પ્રવાસે રવાના

**મેનન** બે રશિયન અવકાશયાત્રીઓ સાથે ત્યાં 8 મહિના રોકાશે

**ભારતીય** શાળાના બાળકોએ દોરેલા ચિત્રો પણ અંતરિક્ષમાં પહોંચ્યા

વોશિંગ્ટન, તા. 14 (પીટીઆઈ): નાસાના અવકાશયાત્રી અનિલ મેનન અને બે રશિયન અવકાશયાત્રીઓ (પ્યોત્ર દુબ્રોવ અને અન્ના કિકિના) મંગળવારે કઝાકિસ્તાનથી સોયુઝ MS-29 સ્પેસક્રાફ્ટ દ્વારા ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) માટે 8 મહિનાના મિશન પર રવાના થયા છે. ભારતીય સમય અનુસાર રાત્રે 8:17 વાગ્યે રોકેટ લોન્ચ થયું હતું, જે ત્રણ કલાકની મુસાફરી બાદ રાત્રે 11:56 વાગ્યે સ્પેસ સ્ટેશન સાથે જોડાશે.

## જથ્થાબંધ ફુગાવો ૧૦ ટકાની નજીક

**જૂનમાં** જથ્થાબંધ ફુગાવો વધીને 9.87% પર

**અલ નીનોની** અસરથી ખાદ્ય ફુગાવો 5.49% પર પહોંચ્યો

**ખાદ્ય** ચીજો, ખનિજો અને કેમિકલ ઉત્પાદનો બન્યા ફુગાવાના મુખ્ય કારણ જુલાઈમાં પણ મોંઘવારી ઊંચી રહેવાનો અંદાજ

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): દેશમાં જૂન મહિનામાં જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) આધારિત ફુગાવો વધીને 9.87 ટકા પર પહોંચ્યો છે, જે મે મહિનામાં 9.68 ટકા હતો. ખાદ્ય ચીજો, બિન-ખાદ્ય ઉત્પાદનો અને ખનિજોના ભાવમાં થયેલા વધારાને કારણે ફુગાવામાં વધારો નોંધાયો છે.

નવા 2022-23 આધાર વર્ષ મુજબ જાહેર કરાયેલા આ આંકડાઓમાં ખાદ્ય ફુગાવો 3.60 ટકાથી વધીને 5.49 ટકા થયો છે. અલ નીનોની અસરને કારણે ઓછા વરસાદથી ખાદ્ય ચીજોના ભાવમાં વધારો થયો હોવાનું વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું છે.

બિન-ખાદ્ય ઉત્પાદનોનો ફુગાવો પણ ઊંચો 11.07 ટકા અને ખનિજોનો ફુગાવો 9.45 ટકા રહ્યો છે.

જ્યારે ઈંધણ અને વીજળી ક્ષેત્રનો ફુગાવો મેના 30.33 ટકાથી ઘટીને 27.41 ટકા થયો છે. ઉત્પાદિત માલમાં ફુગાવો 7.48 ટકા પર સ્થિર રહ્યો. મિનરલ ઓઈલ (પેટ્રોલિયમ ઉત્પાદનો સામેલ), ખાદ્ય ચીજો, બેઝિક મેટલ્સ અને કેમિકલ ઉત્પાદનો જૂનના વધુ ફુગાવાના મુખ્ય કારણો રહ્યા હોવાનું મંત્રાલયે જણાવ્યું હતું.


**પશ્ચિમ રેલવે**

**મુંબઈ ડિવિઝનમાં નોર્મલ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક્સનું સંચાલન અને જાળવણી**

ACM (G) - MMCT દ્વારા મુંબઈ ડિવિઝનમાં નોર્મલ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક્સના સંચાલન અને જાળવણીના કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન (ઈ-હરાજી) આમંત્રિત કરવામાં આવી છે. કોન્ટ્રાક્ટનો પ્રકાર: નોર્મલ કોન્ટ્રાક્ટ, કેટેગરી: પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક્સ.

ઓક્શન કેટલોગ નં.: MMCT-PnUT-26-25

| સ્ટેશન અને લોકેશન | કોન્ટ્રાક્ટનો સમયગાળો | ઈ-ઓક્શનની તારીખ | ઈ-ઓક્શનનો સમય |
|---|---|---|---|
| નાઇગાંવ સ્ટેશન ખાતે ટોયલેટ બ્લોક્સ, સાઉથ-ઈસ્ટ સર્ક્યુલેટિંગ એરિયા | ૩ વર્ષ | 23.07.2026 | 12:00 hrs. |
| ઉધના સ્ટેશન ખાતે સાત ટોયલેટ બ્લોક્સ | ૩ વર્ષ | 23.07.2026 | 12:00 hrs. |
| વીઆર (વિરાર) સ્ટેશન ખાતે ટોયલેટ બ્લોક્સ | ૧૨૨-દિવસ [સંપૂર્ણ કોન્ટ્રાક્ટ મૂલ્ય] | 23.07.2026 | 12:00 hrs. |
| બાંદ્રા ટર્મિનસ, બાંદ્રા, ખાર, સાંતાક્રુઝ, વિલે પાર્લે ખાતે ટોયલેટ બ્લોક્સ | ૩ વર્ષ | 23.07.2026 | 12:00 hrs. |

નોંધ: સંભવિત બિડર્સને IREPS વેબસાઇટ: www.ireps.gov.in પર ઈ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે. લોટ અનુસાર વિગતો ત્યાં ઉલ્લેખિત કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કૂલિંગ ઓફ પિરિયડ ૩૦ મિનિટનો છે. ક્રમિક લોટ બંધ થવાનો અંતરાલ ૧૦ મિનિટનો છે. લોટ અનુસાર બંધ થવાનો સમય IREPSના ઈ-ઓક્શન મોડ્યુલમાં જોઈ શકાય છે. 0358

અમને લાઇક કરો : facebook.com/WesternRly • અમને ફોલો કરો : X.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**એર કંડિશનર્સનું CAMC**

સિનિયર DEE/P/BCT, મુંબઈ સેન્ટ્રલ, વેસ્ટર્ન રેલવે, ઈ-ટેન્ડર નોટિસ નંબર: EL-Maint-4-342-WA-6, તારીખ. 10.07.2026 આમંત્રિત કરે છે. કાર્ય અને સ્થળ: મુંબઈ ડિવિઝન નોન-સબર્બન સેક્શન: પાલઘર, ડહાણુ રોડ, વાપી, વલસાડ, નવસારી, ઉધના, નંદુરબાર અને અમલનેર ખાતે 2 વર્ષ માટે 2 TR ક્ષમતાના પ્રિસિઝન એર કંડિશનર્સનો કોમ્પ્રીહેન્સિવ એન્યુઅલ સર્વિસ મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ. કાર્યનો અંદાજિત ખર્ચ રૂ. 16,99,200/-, EMD રૂ. 34,000/- સબમિશનની તારીખ અને સમય: 03.08.2026, 15:00 કલાક સુધી, ખોલવાની તારીખ અને સમય: 03.08.2026ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0359

અમને લાઇક કરો : facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-વડોદરા મંડળ**

**આર્ચ બ્રિજનું પુનઃનિર્માણ**

ભારતના રાષ્ટ્રપતિના વતી અને તેમના માટે, મંડળ રેલવે મેનેજર (કાર્ય/બાંધકામ), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390004 દ્વારા નીચે દર્શાવેલ કાર્ય માટે સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે: **ટેન્ડર નં.: DRM BRC 062 of 2026-27 કાર્યનું નામ :** સુરત-વડોદરા વિભાગ: બ્રિજ નં. 500A અને 560 ના આર્ચ બ્રિજનું પુનઃનિર્માણ. **કાર્યની અંદાજિત કિંમત:** ₹7,72,66,138.33 **જમા કરવાની બિડ સિક્યુરિટી:** ₹ 15,45,300.00 **ટેન્ડર જમા કરવાની તથા ખોલવાની તારીખ અને સમય :** ઈ-ટેન્ડર તા. 31.07.2026 ના રોજ બપોરે 15:00 કલાક પહેલાં જમા કરવાનું રહેશે અને તે જ દિવસે 15:30 કલાકે ખોલવામાં આવશે. **સંપૂર્ણ વિગતો જોઈ શકાય તેવી વેબસાઈટ તથા ટેન્ડર ફોર્મ પ્રાપ્ત કરી શકાય તેવા કાર્યાલયનું સરનામું:** વેબસાઈટ: www.ireps.gov.in મંડળ રેલવે મેનેજર (કાર્ય/બાંધકામ), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390004 BRC-154

અમને ફોલો કરો: facebook.com/WesternRly

**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ**

IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી) પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો-શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી) એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

| અ. નં. | લોન એકાઉન્ટ નંબર | લોનનો પ્રકાર | દેવાદારો / સહદેવાદારોનું નામ | ૧૩(૨) નોટીસની તારીખ | ૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| ૧. | ૨૮૨૧૮૫૭૯ | હોમ લોન | ૧. મુકેશકુમાર ઠાકરે ૨. હિરાલાલ હિમ્મતભાઈ ઠાકરે ૩. નંદિની મુકેશ ઠાકરે | ૨૦.૦૬.૨૦૨૬ | રૂા.૯,૪૫,૬૨૮.૦૭ |

**મિલકત નુ સરનામુ :** તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત રામકિષ્ણા રેસીડન્સી-૧ નો પ્લોટ નં. ૧૩૮ પાર્સીંગ પ્લાન મુજબ માપ ૪૧.૦૧ ચો.મીટર સાઈટ માપ ૩૮.૯૫ ચો.મીટર એટલે કે ૪૬.૫૮ ચો વાર કે.જે.પી.મુજબ બ્લોક નં. ૨૩૦/૧૩૮) વણવહેચાયેલ હિસ્સા સાથે નું માપ ૨૨.૪૬ ચો.મી જે બ્લોકનં. ૨૩૦, ૨૩૧, ૨૩૨, ૨૩૩, ૨૩૪, ૨૩૫, ૨૩૬, ૨૩૮, ૨૪૦, ૨૪૧, ૨૪૫, ૨૪૬, બ્લોક નં. ૨૩૦ મોજે ગામ મોટા, તાલુકા-બારડોલી, જીલ્લા સુરત, ગુજરાત-૩૯૪૩૪૫ ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ** :સોસાયટી રોડ, **પશ્ચિમ તરફ** :બ્લોક નં. ૨૨૭, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૧૩૭, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૧૩૯ આવેલ છે.

આથી તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી) ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી અન્ય કોસ્ટ ચાર્જીસ સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી) ના અધિકૃત અધિકારી સરફેસી એક્ટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ-ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/-
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

તારીખ : ૧૫.૦૭.૨૦૨૬
સ્થળ : સુરત, ગુજરાત

**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ**

IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી) CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ-૪ [રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા (નિયમ ૩) હેઠળ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તા હેઠળ ડીમાન્ડ નોટીસ બજાવીને અહીં નીચે જણાવેલ દેવાદાર/સહદેવાદાર અને જામીનદારો ને નોટીસમાં દર્શાવેલ રકમ વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત સંપૂર્ણ ચુકવણી આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/સહદેવાદારો/જામીનદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર/સહદેવાદારો/જામીનદારો અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની ૧૩ની પેટા કલમ (૪) એકટના રૂલ ૮ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

| લોન ખાતા નંબર | દેવાદારો/સહદેવાદારો અને જામીનદારોના નામ | ગીરવે મુકેલી સ્થાઈ મિલકતનું વર્ણન | ડીમાન્ડ નોટીસની તારીખ | ડીમાન્ડ નોટીસની બાકી (રૂા.) રકમ | કબજાનો પ્રકાર અને કબજો લીધાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૨૦૩૮૩૪૪૫ | ૧. શિવરાજસિંહ પાલ ૨. જયોતિ શિવરાજસિંહ પાલ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્વર્ણ વિલા રેસીડન્સી નો પ્લોટ નં.-૨૧૫/બી માપ ૪૨.૩૮ ચો.મી રોડ અને સીઓપી વણવહેચાયેલ હિસ્સા સહિત જમીનનો બ્લોક નં. ૪, સર્વે નં.-૪/૧,૪/૨,૪/૩,૪/૪,૪/૫,૧૩/૧ મોજે કારેલી તાલુકા-પલસાણા, જીલ્લો-સુરત ગુજરાત-૩૯૪૩૧૦,જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : સોસાયટી રોડ, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં. ૨૦૪/બી, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૨૧૬/બી, **દક્ષિણ તરફ** :પ્લોટ નં. ૨૧૪/બી આવેલ છે. | ૩૦.૦૧.૨૦૨૬ | રૂા. ૧૨,૦૭,૦૬૯.૨૫/- | ૧૨.૦૭.૨૦૨૬ પ્રત્યક્ષ કબજો |
| ૨૦૪૬૮૦૮૪ | ૧. સુધિર દુબે ૨. દિપશિખા દુબે | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્કાય વિલા નો પ્લોટ નં. ૧૩૯ માપ ૪૦.૦૮,ચો.મી, ૨૭.૨૮ ચો.મીટર રોડ અને સીઓપી સાથે વણવહેચાયેલ હિસ્સા ની જમીન ના કુલ માપ ૬૭.૩૬ ચો.મીટર રેવન્યુ સર્વે નં. ૨૯૦, બ્લોક નં.-૧૪૯ મોજે ગામ સ્યાદલા, તાલુકા-ઓલપાડ, જિલ્લા-સુરત, ગુજરાત -૩૯૪૫૪૦ જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં. ૧૩૪, **પશ્ચિમ તરફ** : સોસાયટી નો આંતરીક રોડ, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૧૩૮, **દક્ષિણ તરફ** :પ્લોટ નં. ૧૪૦ આવેલ છે. | ૩૦.૧૨.૨૦૨૫ | રૂા. ૬,૪૧,૦૬૪.૪૯/- | ૧૨.૦૭.૨૦૨૬ પ્રત્યક્ષ કબજો |
| ૬૦૬૧૨૪૧૬ | ૧. સંતુ રવિન્દ્ર ચૌહાણ ૨. સંતુ રવિન્દ્ર ચૌહાણ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સર્જન રેસીડન્સી નો પ્લોટ નં. ૯૮, માપ ૬૦.૧૨ ચો.મીટર ખુલ્લી જમીન (૭/૧૨ મુજબ રેવન્યુ રેકોર્ડ બ્લોક નં.૯૬/૯૮) વણવહેચાયેલ હિસ્સા સહિત રોડ અને સીઓપી માપ ૩૮.૦૭ ચો.મી બિનખેતી વિકસીત જમીનનો રેવન્યુ સર્વે નં. ૬૫, બ્લોક નં. ૯૬ માજે કારેલી, સબડિસ્ટ્રીક અને તાલુકા પલસાણા, જિલ્લો સુરત, ગુજરાત રાજય -૩૯૪૩૧૦ જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેનો બ્લોક નં. ૯૦, **પશ્ચિમ તરફ** : જોડેની સોસાયટી રોડ, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં.૯૯, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં. ૯૭ આવેલ છે. | ૧૪.૦૧.૨૦૨૬ | રૂા. ૧૦,૫૪,૦૬૮.૫૯/- | ૧૨.૦૭.૨૦૨૬ પ્રત્યક્ષ કબજો |
| ૬૮૯૨૩૦૪૪ અને ૬૮૯૧૮૯૦૪ | ૧. જીતેન્દ્ર કુમાર કાંતીલાલ ૨. હર્ષા દેવી જીતેન્દ્ર કુમાર | તમામ ભાગ અને હિસ્સો ધરાવતો બી ટાઈપ બિલ્ડીંગ વિંગ બી ટયુલિપ બિલ્ડીંગ બ્લોસમ પાર્ક તરીકે ઓળખાતો પ્રોજેકટનો પહેલા માળ નો મંજૂર થયેલ યોજના મુજબ ઉચ્ચ ભોયતળિયા પર) ફલેટ નં. ૧૦૮, માપ ૫૩૫ ચો.ફુટ એટલે કે ૪૯.૭૦ ચો.મીટર બિલ્ટઅપ એરિયા માપ ૪૮૬.૯૩ ચો.ફુટ એટલે કે ૪૫.૨૪ ચો.મીટર કારપેટ એરિયા, ભોયતળિયા ની જમીનના પ્રમાણસર અવિભાજીત હિસ્સા નું માપ ૨૨.૧૦ ચો.મીટર સાથે બિનખેતી જમીનનો ૭/૧૨ મુજબ રેવન્યુ સર્વે નં.૧૧૧/૧ એકી કરણ પછી બ્લોક નં. ૯૮ અને ૭/૧૨ મુજબ રેવન્યુ સર્વે નં. ૧૧૧/૨ એકીકરણ પછી બ્લોક નં. ૯૯ ગામ-કડોદરા સબડિસ્ટ્રીક અને તાલુકા પલસાણા, ડિસ્ટ્રીકટ સુરત, ગુજરાત રાજય-૩૯૪૩૨૭ ખાતે વિકસાવેલ છે જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેનો બ્લોક નં. ૮૪, **પશ્ચિમ તરફ** : જોડેની સોસાયટી રોડ, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં.૧૦૦ અને ૧૦૧, **દક્ષિણ તરફ** : જોડેનો રોડ આવેલ છે. | ૨૭.૧૨.૨૦૨૫ | રૂા. ૧૩,૫૨,૯૭૬.૫૫/- | ૧૨.૦૭.૨૦૨૬ પ્રત્યક્ષ કબજો |

ખાસ કરીને દેવાદાર /સહદેવાદારો / જામીનદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની અહીં નીચે દર્શાવેલ રકમ કરાર આધારિત વ્યાજને આધીન રહેશે.

સહિ/- અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)

તારીખ : ૧૨.૦૭.૨૦૨૬
સ્થળ : સુરત, ગુજરાત